PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૨/૧૮–૧૯/ 8291-16 તા. 01 SEP 2018 01 SEP 1118

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાયાભાઈ વિરાભાઈ ઘોસીયા,
ગામ: ચંદવાણા,
તા.માંગરોળ
જી. જુનાગઢ પીન-362225
મો: ૯૭૧૨૨ ૪૨૧૬૧

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

1/2 E check

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૫/ક્વા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)
અરજદાર (ફરીયાદી): નામ: ડાયાભાઈ વિરાભાઈ ઘોસીયા, ગામ: ચંદવાણા
રજુઆત કરનાર: અરજદાર ડાયાભાઈ વિરાભાઈ ઘોસીયા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)
રજુઆત કરનાર :પી.જી.ગોહિલ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ,માંગરોલ

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ નવા ખેતીવાડી વીજજોડાણ અન્વયે – જરૂરી ભાવપત્રક ના નાણા નુ ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરેલ – જે અન્વયે લાઈનકામ મા વાંધો આવેલ હોવાથી – માંગરોળ પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૮–૦૫–૧૮ મુજબ – વાંધા નુ નિરાકરણ કરવા – અરજદાર ને જણાવેલ – જે અનુસંધાને – અરજદારે તા.૦૩–૦૭–૧૮ ના રોજ – વાંધા અરજી પુરાવા સહીત – દિન–૦૭ મા રેકર્ડ આધારીત આપવા જણાવેલ – જેનો કોઈ પ્રત્યુતર ન મળતા – તેમજ સમયમર્યાદા માં વીજજોડાણ અંગે ની કાર્યવાહી પૂર્ણ ન કરતા – વિલંબ કરાયેલ છે, જે વ્યાજબી નથી. તેમજ – પરીપત્ર –૨૦૦૩ તેમજ કલમ–૪૬ મુજબ – પ્રત્યેક વિલંબીત દિવસ ના રૂ.૧,૦૦૦/– ખર્ચ સાથે વળતર આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ડાયા વીરા ઘોસીયા ગામ ચંદવાણા તા. માંગરોળ, પેટા વિભાગીય કચેરી : માંગરોળ ગ્રામ્ય હેઠળ ખેતીવાડી વીજ જોડાણ માટે કરેલ અરજી : ૨૪-૦૪-૨૦૧૭, એસ.આર.નં. : ૧૦૫૯૯૪૨ થી કરેલ. સદર વીજજોડાણ નો ડાર્કઝોન-એસપીએ યોજના હેઠળ કરેલ ડ્રોમાં આવેલ અગ્રતાક્રમ નં. : ૧૦૧૪ હોય, જે તા.૨૮-૦૨ ૨૦૧૭ ના રોજ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને અરજી મોકલવામાં આવેલ હતી.<br><br>ત્યારબાદ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરી અરજદારને ૦૮.૦૩.૨૦૧૮ તારીખે અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર દ્વારા ૧૫.૦૩.૨૦૧૮ તારીખે ભરપાઈ કરવામાં આવેલ. કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળે લાઈન ઉભી કરી ટ્રાન્સફોરમર લાગાવવા સુધીનુ કામ પૂર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી બાબુભાઈ દેવાભાઈ વાઢીયા તા. ૧૦.૦૫.૨૦૧૮ ના રોજ વાંધા અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા ડાયા વીરા ઘોસીયા ને પત્ર તા. ૧૮.૦૫.૨૦૧૮ પાઠવવામાં આવેલ અને |

| | |
|---|---|
| | વાંધા નુ નિરાકરણ કરવા જણાવેલ. જેના પ્રત્યુતરમાં ડાયા વીરા ઘોસીયા દ્વારા તા.૦૩.૦૭.૨૦૧૮ ના રોજ બાબુભાઈ દેવાભાઈ વાઢીયાની વાંધા અરજી સામે વાંધો લેવામાં આવેલ. ત્યારબાદ બાબુ દેવા વાઢીયા ને માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા કુવા ના વાંધા બાબત આધાર પુરાવા રજુ કરવા તા.૦૭.૦૭.૨૦૧૮ પત્ર દ્વારા જણાવેલ. જેના અનુસંધાને બાબુ દેવા વાઢીયા દ્વારા તા.૨૦.૦૭.૨૦૧૮ ના રોજ કુવો તેના સર્વે નુ. માં હોવાનો દાવો રજુ કરવામાં આવેલ. જેના અનુસંધાને માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા કુવાની માલિકીના આધાર પુરાવા રજુ કરવા ફરી તાકીદ તા.૨૧.૦૭.૨૦૧૮ ના પત્ર થી કરેલ. આ સાથે ડાયા વીરા ઘોસીયાને પણ તા.૨૬.૦૭.૨૦૧૮ ના પત્ર થી કુવા ની માલિકી અંગે સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવાં જાણ કરેલ. જેના પ્રત્યુતરમાં ડાયા વીરા ઘોસીયા દ્વારા કુવાની માલિકીના સ્પષ્ટ અભિપ્રાય દર્શાવતા દસ્તાવેજો તા.૩૧.૦૭.૨૦૧૮ ના રોજ રજુ કરેલ. ત્યારબાદ ૦૩.૦૮.૨૦૧૮ ના રોજ ફાઈલ માંગરોળ વિભાગીય કચેરીમાં ફાઈનલ ઓડીટ માટે મોકલવામાં આવેલ. અને માંગરોળ વિભાગીય કચેરી દ્વારા તા.૦૭.૦૮.૨૦૧૮ ના રોજ રિલીઝ ઓર્ડર આપવામાં આવેલ. જે અનુસંધાને સામાવાળા દ્વારા તા.૧૪.૦૮.૧૮ ના રોજ વીજમીટર લગાડવા માટેની કામગીરી કરતા અરજદાર દ્વારા સદર કામગીરી મોકૂફ રાખવાની ફરજ પડેલ . |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | **ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.** |
| ૩.૧ | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે,** અરજદાર દ્વારા ડાર્કઝોન એસપીએ યોજના હેઠળ સર્વે નં ૧૪૭/p૧ માં ખેતીવાડી નવા વીજ જોડાણ માટે તા.૨૪.૦૪.૨૦૧૭ના રોજ અરજી ડાર્કઝોન એસપીએ યોજના હેઠળ કરેલ. ત્યારબાદ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરી અરજદારને નિયમાધીન રીતે તા.૦૮.૦૩.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર દ્વારા ૧૫.૦૩.૨૦૧૮ તારીખે ભરપાઈ કરવામાં આવેલ. જે અન્વયે ટ્રાન્સફોરમર લાગાવવા સુધીનુ કામ પૂર્ણ કરવામાં આવેલ.<br><br>સદર કેઈસ માં - શ્રી બાબુભાઈ દેવાભાઈ વાઢીયા તા. ૧૦.૦૫.૨૦૧૮ ના રોજ વાંધા અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા ડાયા વીરા ઘોસીયા ને પત્ર તા. ૧૮.૦૫.૨૦૧૮ પાઠવવામાં આવેલ અને વાંધા નુ નિરાકરણ કરવા જણાવેલ. જેના અનુસંધાને ડાયા વીરા ઘોસીયા દ્વારા કુવાની માલિકીના સ્પષ્ટ અભિપ્રાય દર્શાવતા દસ્તાવેજો તા.૩૧.૦૭.૨૦૧૮ ના રોજ રજુ કરેલ. જેના અનુસંધાને માંગરોળ વિભાગીય કચેરી દ્વારા તા.૦૭.૦૮.૨૦૧૮ ના રોજ રિલીઝ ઓર્ડર આપવામાં આવેલ. જે અન્વયે સામાવાળા દ્વારા તા.૧૪.૦૮.૧૮ ના રોજ વીજમીટર લગાડવા માટેની કામગીરી કરતા અરજદાર દ્વારા સદર કામગીરી મોકૂફ રાખવાની ફરજ પડેલ .<br><br>સદર કેઈસમાં ઉપરોક્ત બાબતે સામાવાળા દ્વારા નીયમાધીન કાર્યવાહી થયેલ છે **જેથી અરજદાર ની વળતર મેળવવા માટે ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. તેમજ –** સવાલવાળું વીજ જોડાણ જરૂરી નિયમાધીન **કાર્યવાહી કરી અને દિન–૦૮** રીલીઝ કરવા સામાવાળા ને **– જાણકારી આપવા અંગે નો અત્રે ના ફોરમ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.** |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સવાલવાળું વીજ જોડાણ જરૂરી નિયમાધીન કાર્યવાહી કરી અને દિન–૦૮ રીલીઝ કરવા સામાવાળા ને – આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.